સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

079-23226251

આવતો નથી, મન મૂકી, માત્ર દેખાડો થાય છે,
અહીંના માહોલની તમામને અસર થાય છે!
થાય આગમન પવિત્ર સ્થાનમાં જ સંતોનું -
હાલમાં તો બેહાલ નગર બફારાથી ન્હાય છે...
(આગાહીઓના વરસાદમાં નાહી લ્યો !)

હાઈકુ

કોણી એ ગળ!
કરે છે ગાજવીજ -
ઈન્દ્ર રમત !
(રાજરમત ?!)

વર્ષાદ પણ !
લટકાવે ગાજર ?!
વરસે નહીં...
(ખોટા દિલાસા)

ચિંતન

જ્ઞાનેન કર્મણો યોગ: કથં સિધ્યતિ
સહયોગો ન ઘટતે યથા તિમિરતેજસો: ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાન અને કર્મ બંને એકબીજાનાં શત્રુ છે, તેથી જ્ઞાન સાથે કર્મનો યોગ કેવી રીતે સિદ્ધ થાય? ન જ થાય. જેમ અંધકાર અને પ્રકાશનું સાથે રહેવું શક્ય નથી.

જેમ અંધકાર અને પ્રકાશ સાથે ન રહી શકે તેમ, જ્ઞાન અને કર્મ પણ સાથે ન રહી શકે.

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા છે, જૈન ધર્મમાં 'કર્મ' બાંધવામાં આવતાં નથી. જ્ઞાની માણસો કર્મથી નિર્લેપ રહે છે. જે સમજે છે કે આત્મા એ પરમાત્માનો અંશ છે તે ઈશ્વરેચ્છાથી યંત્રવત્ 'તટસ્થ' રહી ક્રિયાઓ કરે છે.

સુવિચાર

- કોઈ પણ વ્યક્તિનું ચારિત્ર્ય માપવું હોય તો એની સંવેદનશીલતા દ્વારા માપી શકાય - **રોહિત શાહ**
- પારકી પીડામાં એ હંમેશા સહભાગી બને છે, હું એવી વ્યક્તિને ચારિત્ર્યવાન સમજું છું - **કાંતિ ભટ્ટ**
- ચારિત્ર્યે આપણને ઊભા કર્યા, પ્રતિબદ્ધતાએ આપણને કામ કરતા કર્યા,
  શિસ્તે આપણને છેલ્લે સુધી પહોંચાડવા શક્તિમાન કર્યા - **ધર્મલોક**
- સમગ્ર સફળતાનો પાયો શિસ્ત છે,
  શિસ્તનો અભાવ નિશ્ચિત રીતે નિષ્ફળતા તરફ દોરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો એક વ્યક્તિ ભ્રમણાથી પીડાતી હોય, તો તે ગાંડી કહેવાય છે,
  જયારે ઘણા લોકો ભ્રમણાથી પીડાતા હોય, ત્યારે તે ધર્મ કહેવાય છે - **રોબર્ટ પિર્સિંગ**
- માનવજાતની પ્રગતિ, યુદ્ધો નહીં, વિચારો કરે છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : અસ્થમાના દર્દીને પુષ્કળ મૂળનું ૩ ગ્રામ ચૂરણ ગરમ પાણી સાથે નરણાં કોઠે લેવાથી ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

રમણ મહર્ષિ પાસે એક ભક્ત આવ્યો. તે ખૂબ દુઃખી હતો. એકનો એક પુત્ર યુવાન વયમાં મૃત્યુ પામ્યો હતો. રમણ મહર્ષિએ અને સાંત્વના આપવા એક કથા કહી : વર્ષો પહેલાની વાત છે. તે સમયે ટપાલ, તાર, ટેલીફોન જેવી સગવડો નહોતી. રામ અને શ્યામ બે યુવાનો સાત સમુદ્ર પાર દૂરના દેશોમાં ધન કમાવા ગયા. થોડા સમયમાં એ બેમાંથી એક જણ મૃત્યુ પામ્યો. બીજો ખૂબ ધન કમાયો અને સુખચેનથી રહેતો હતો. દેશમાં પાછા જતા એક વેપારી સાથે એણે પોતાના વતનમાં સંદેશો મોકલાવ્યો. અને જણાવ્યું કે પોતે ખુબ સુખી છે અને સાથે આવેલ બીજો યુવાન મૃત્યુ પામ્યો છે. વતનમાં પહોંચી વેપારીએ સમાચાર આપવામાં ભૂલ કરી. જે જીવતો હતો અને મોજ કરતો હતો તે મરી ગયો હતો તે સુખચેનમાં ગુલતાન છે. એવા સમાચાર એણે આપ્યા. જે મરી ગયો હતો પણ જીવતો હતો એવા સમાચાર જે પરિવારને અપાયા તે યુવાનના માતાપિતા ખુશ થયાં અને એવી આશામાં જીવવા લાગ્યા કે એક દિવસ એમનો પુત્ર આવશે અને તેમને સુખી કરશે. જેમનો પુત્ર જીવિત હતો. પણ તે મરી ગયાના સમાચાર જે પરિવારને અપાયા. તેના માતાપિતા દુઃખી થઈને અફસોસમાં જીવન ગુજારવા લાગ્યા. એક પરિવાર 'મારો પુત્ર મારો પુત્ર' એવા મામકા મનોભાવને કારણે ખુશી થવાને બદલે દુઃખી થયું, અને બીજું કુટુંબ દુઃખી થવાને બદલે સુખી રહ્યું. આથી રમણ મહર્ષિએ દુઃખી પિતાને કહ્યું, 'એ જ રીતે ચિત્ત ખોટા સંદેશા આપે છે તે પ્રમાણે સુખ અને દુઃખ અનુભવી જીવ્યે જઈએ છીએ, ચિત્તના ખોટા સંદેશાને અવગણીને જીવીએ તો અંતરાત્મા પોતાના નિજ આનંદમાં નિમગ્ન રહે.' પેલા દુઃખી પિતાને સત્ય સમજાયું.

વૈશ્વિક રાજકારણમાં વિશ્વશાંતિના સંકેત

તંત્રીસ્થાનેથી...

ગ્રુપ-ટ્વેન્ટીનાં રાષ્ટ્રોની જાપાન ખાતે યોજાયેલ શિખરપરિષદમાં વિશ્વના મહાન નેતાઓ એકમેકને મળ્યા. મતભેદોનાં સમાધાન શોધવાનાં સમીકરણો મંડાયાં. અમેરિકાએ લગાવેલ પ્રતિબંધો અને અમેરિકન ચીજવસ્તુઓના વેચાણ પર લેવાતા ટૅક્સ વિશે ચર્ચા થઈ. ચીન, ભારત અને અમેરિકા પોતપોતાની અલગ પ્રાથમિકતાઓ સાથે એકબીજાની સાથે અનુકૂળ થઈ વિશ્વને એક શાંતિપ્રદ તબક્કા તરફ દોરી જવાનો પ્રમાણિક પ્રયાસ કરતા હોય એવો માહોલ સરજાયો. આર્થિક વિકાસ કરતાં આ શાંતિપૂર્ણ સૌહાર્દ અને સર્વસમાવેશી સહઅસ્તિત્વ વધુ અગત્યની બાબતો છે. ગમે તેટલો વિકાસ થઈ જાય, માનવી અંતરિક્ષમાં વસવાટ કરતો થઈ જાય પરંતુ જો એના જીવનમાં શાંતિ અને સલામતી ન હોય તો એ માત્ર ઉફરા મનથી જ જીવી શકશે. દુનિયા આખી રશિયા અને અમેરિકા વચ્ચેના શીતયુદ્ધ વખતે ઉફરા મનથી જીવતી હતી. બબ્બે વિશ્વયુદ્ધોની વિભીષિકા જોયા પછી દુનિયાના કોઈ દેશને યુદ્ધમાં રસ નથી રહ્યો. ત્રીજું વિશ્વયુદ્ધ થઈ જાય તો આખી પૃથ્વી સાફ થઈ જાય એટલાં પરમાણુ શસ્ત્રોનો ખડકલો ખડકાયેલો છે. આખી દુનિયા જાણે જવાળામખીની ટોચ પર બેઠેલી છે. પરમાણુ ક્ષમતા ધરાવતા દેશોમાં પણ પાકિસ્તાન અને ઉત્તર કોરિયા જેવા દેશોના જનરલો કયારે કેવો નિર્ણય લઈ બેસે તે કળવું મુશ્કેલ છે. પાકિસ્તાનમાંથી અણુશસ્ત્રો ચોરાઈને ખૂંખાર આતંકવાદીઓ પાસે પહોંચી જાય એવી તમામ શકયતાઓ છે, જેની અમેરિકા અને યુનોએ પણ હવે ગંભીર નોંધ લીધી છે. નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને વૈશ્વિક ધરાતલ પર ઉઘાડું પાડવામાં સફલતા મેળવી છે. કાશ્મીર મુદ્દે પાકિસ્તાન ભારત સામે પ્રોક્સી યુદ્ધ ચલાવતું રહ્યું છે. આતંકવાદના આકાઓને પાક આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈનું ખુલ્લું સમર્થન મળતું રહ્યું છે. સદ્દામ હુસેન અને કર્નલ ગદ્દાફી જેવા ખૂંખાર યુદ્ધખોર નેતાઓને અને તાલેબાન તથા ઓસામા બિનને જેર કર્યા પછી પણ ઈસ્લામિક સ્ટેટના નામે મધ્યપૂર્વમાં આતંકવાદ ચાલતો રહ્યો છે. એ બધાને ચડે એવો ઉત્તર કોરિયાનો સરમુખત્યાર કીમ જુંગ કયારે શું કરી બેસે એનો ભરોસો નથી. એના ગાંડપણ અને ક્રૂરતાનાં અનેક ઉદાહરણ દુનિયા જાણે છે. અમેરિકા આ તમામ પર અંકુશ મેળવવાની નૈતિક જવાબદારી સ્વીકારીને ચાલતી મહાસત્તા છે. એટલે જી-૨૦ના વ્યસ્ત કાર્યક્રમમાંથી વખત ફાળવી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જયારે બે કોરિયન રાષ્ટ્રો વચ્ચેની સરહદ પર જઈ ઉત્તર કોરિયાના સરમુખત્યાર સાથે હાથ મિલાવતા હોય ત્યારે સ્વાભાવિક રીતે એક નવા ઈતિહાસનાં મંડાણ થાય. પોણોસો વર્ષ પછી કોઈ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ પહેલી વાર ઉત્તર કોરિયાના સરમુખત્યારને સામા પગલે મળવા ગયા. ટ્રમ્પને પોતાની ધરતી પર આવકારીને કીમ જુંગે ગૌરવ અનુભવ્યું છે અને દક્ષિણ કોરિયા સાથેની વિયેતનામ ખાતે યોજાયેલી શાંતિ મંત્રણાનો તૂટેલો દોર સંધાશે એવી આશા બંધાઈ છે. કયારેક ટ્રમ્પ અને કીમ જુંગ વચ્ચે દેવીપૂજકોની ભાષામાં ગાલિપ્રદાન થતું પણ દુનિયાએ જોયું હતું. એ જ બે નેતાો ઉમળકાભેર મળી અણુશસ્ત્રોના નિયંત્રણ પર સંમતિ દર્શાવતું વલણ દાખવે ત્યારે દુનિયાને હરખાવાનું જ હોય. ચીન અને ભારત વચ્ચેનું કોલ્ડ વોર પણ મહદંશે ઠંડુ પડ્યું છે. આમ વૈશ્વિક રાજકારણમાં વિશ્વ શાંતિના સંકેતો વરતાઈ રહ્યા છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય.

યાદગાર પ્રવાસો પાથરે આનંદનાં અજવાળાં...

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'સાવ સાચ્ચુ કહુ, જયારે ચંદ્રેશ અંકલે મંદિરના દર્શનની અને અજાણ્યા સ્થળ ચીકમંગલુરના પ્રવાસની વાત કરી ત્યારે મને એ ખબર નહોતી કે મને કેટલી મજા પડશે, પરંતુ મને એમના અને અદિતી દીદીના આયોજનમાં વિશ્વાસ હતો કે તેઓ જે કાંઈ ગોટવે એ ઉત્તમ જ હોય અને મારો વિશ્વાસ સાચ્ચો જ પડ્યો... અમે જે આનંદ કર્યો એ અદ્ભૂત હતો.'

સ્તુતિ એની બહેનપણી ચાહત અને રૂદ્રીને એના પ્રવાસેથી પરત આવીને ઉત્સાહ સાથે કહી રહી હતી. ધોરણ બારની પરીક્ષા ખુબ સારા માર્કસ સાથે પાસ કર્યા બાદ અમદાવાદની પ્રતિષ્ઠિત એવી યુનિ.માં એને એડમીશન પણ મળી ગયું હતું અને કૉલેજ શરૂ થાય એ પહેલાના સમયમાં મમ્મી-પપ્પા સાથે ૮-૧૦ દિવસ ફરવા જવાનો પ્લાન હતો. એના ફઈ બેંગ્લોર આવવા લાંબા સમયથી આગ્રહ કરતા હતા, એટલે ત્યાં જવા નક્કી કર્યું. બુકીંગ કરાવ્યા ને એકવાર ફોન આવ્યો હર્ષા ફીઆનો કે 'તારે જયાં જવું હોય ત્યાં લઈ જઈએ, સ્વાભાવિક રીતે દક્ષિણ ભારતના, બેંગ્લોર આસપાસના થોડા સ્થળોનો ઉલ્લેખ થયો. આખરે સ્તુતિએ કહ્યું કે 'તમે જયાં લઈ જશો ત્યાં મને મજા પડશે, મૂળ વાત સાથે રહેવાની છે.'' આમ પ્રવાસ શરૂ થયો અને અડધી રાતે તે બેંગ્લોર એરપોર્ટ પર પ્લેનમાંથી ઉતરી... ચંદ્રેશ ફુઆને એના ડેડીએ કહ્યું હતું કે અમે ટેકસી કરીને આવી જઈશું, વિના કારણ ધક્કો ના ખાતા, તો તેઓએ કહ્યું કે, 'અમે જેમને પ્રેમ કરીએ છીએ એવા સ્વજનો અમારા ઘરે આવી રહ્યા છે એનાથી બીજું મોટું કારણ કયું હોય ?'

બેંગ્લોર બે દિવસ રહીને તેઓ નીકળ્યા શ્રવણ બેલગોડા જવા... કર્ણાટકના હાસન જિલ્લામાં આવેલું પ્રસિદ્ધ જૈન તીર્થ બેંગ્લોરથી ૧૫૦ કિ.મી. છે. કન્નડ ભાષામાં વેલ એટલે શ્વેત અને ગોલ એટલે સરવોર છે. અહીં શહેરની મધ્યમાં સરોવર છે એટલે આવું નામ પડ્યું એમ મનાય છે. વિંધ્યગીરી અને ચંદ્રગીરીની વચ્ચે વસેલું છે આ સ્થળ. બાહુબલી સ્વામીની દિવ્ય મૂર્તિના દર્શન કરીને, સુંદર લોકેશન જેવા પહાડ પર તસવીરો લઈને સ્તુતિ અને એની કઝીન પ્રાચી તથા અદિતી એ જ વિચારતા હતા કે આપલા બધા વર્ષો પહેલા પર્વત પર આવી મૂર્તિનું નિર્માણ અને પ્રતિષ્ઠા કેવી રીતે થયા હશે ? એક જ પથ્થરમાંથી બનેલી ભગવાન બાહુબલીની આ મૂર્તિ બનાવતા મૂર્તિકારને ૧૨ વર્ષ લાગ્યા હતા એમ કહેવાય છે. અહીં એક શિલાલેખમાં સંપૂર્ણ ઈતિહાસ લખાયો છે ગંગવંશીય રાયમલ્લના મંત્રી ચામુંડા રાયે આ મૂર્તિનું નિર્માણ કરાવ્યું હતું.

ત્યાંથી સહુ પહોંચ્યા બેલુરના વિશ્વ પ્રસિદ્ધ મંદિરે.... બેલુર ૧૧મી સદીના મધ્યભાગની ૧૪મી સદીના મધ્યભાગ સુધી હોયસલ વંશનો ગઢ હતું. આ શાસકો કલા અને શિલ્પ સ્થાપત્યના રક્ષકો હતા. તેઓએ બેલુર અને જોડિયા નગર તરીકે પ્રસિદ્ધ હેલેબિડુમા ભવ્ય મંદિરોના નિર્માણ કરાવ્યા હતા. બેલુરના ચેનીકેશવ મંદિરનું સ્થાપત્ય, એની બારીકાઈ અને થયેલી જાળવણીથી સહુના મન પ્રસન્ન થયા, રામાયણ - મહાભારતની કથાઓ-પુરાણોના પ્રસંગો અહીં સ્થાપત્યોમાં અંકિત છે.

એ પ્રમાણે જ ભગવાન શિવને સમર્પિત હેલેબિડના હોયસલેશ્વર મંદિરની મુલાકાત પણ યાદગાર બની રહી... અધિકૃત ગાઈડ વિગતો આપતો જતો હતો અને જે તે શિલ્પની વિગતો- તસ્વીરો કેમેરામાં - ફોનમાં ઉમેરાતી જતી હતી. મંદિરનું નિર્માણ ઈસવીસન ૧૧૨૧માં થયું હતું.

સ્તુતિ સતત એનો રાજીપો વ્યક્ત કરતી હતી અને તેઓ પહોંચ્યા લેન્ડ ઓફ કોફી તરીકે ઓળખાતા ચીકમંગલુરના જંગલ પ્રદેશમાં છે... પહાડોની વચ્ચે આહલાદક હિલ સ્ટેશન પર્યટન - ઝરણા - ધોધ - કૉફી - સાહસિક રમતો - તીર્થસ્થાનો માટે પ્રખ્યાત છે. હેબે ફોલ્સ અને જરી ફોલ્સ જોવા જતી વખતે થોડા સમય માટેની ઉબડખાબડ રસ્તા પર જીપની મુસાફરી, વાદળા અને વરસાદના સાનિધ્યે પહાડોના ઢોળાવો ચઢતી કે ઉતરતી કારમાં મ્યુઝિકનો આનંદ ને અવર્ણનીય કુદરતી નજારો... કોફીની સોડમ સાથે પ્રિયજનોનો સંગાથ, ટ્રેકીંગ, આ હા હા... ચીકમંગલુરના જંગલોએ મનને પણ જાણે લીલુંછમ્મ આનંદથી આચ્છાદિત કરી દીધું.

મૂળ કોમર્સની વિદ્યાર્થીની પણ માસ કોમ્યુનિકેશન - મીડિયાને - ઈતિહાસને હૉબી તરીકે એટલો યાદગાર હતો કે બોલી ઊઠી 'દર વર્ષે એક અઠવાડિયું હવે પહાડોને ઝરણાને ધોધ માટે આવવું પડશે...'

પ્રવાસ કરવો નવી વાત નથી, લોકો દેશવિદેશ ફરતા થયા છે, પરંતુ જયારે ભીડભાડવાળા સ્થળોના બદલે થોડી અલગ સ્થળો, અભ્યાસ કરીને, રસ-રૂચિને અનુરુપ પસંદ કરવામાં આવે ત્યારે એ પ્રવાસનો આનંદ અદ્ભૂત હોય છે. આવા સ્થળોએ માણેલી મજાઓ, કેમેરામાં કેદ ન કર્યા હોય તેવા પ્રાકૃતિક દશ્યો આંખમાં સમાયેલા રહે છે... સ્વજનો કે પ્રિયજનો સાથે કરેલા આવા પ્રવાસો વાસ્તવમાં આનંદના અજવાળા પાથરે છે.

હમામ મેં સબ નંગે હૈ... આપણે અને આપણો સમાજ બાળકો માટે યોગ્ય છે ખરો ?

વિચારયાત્રા

ડો. જય ઓઝા

દીકરા ! હજી તારા જન્મને બે મહિના બાકી છે. હોસ્પિટલનું અનુમાન સાચું હોય તો તું બે મહિના પછી જન્મ લેશે. પણ હકીકતમાં તારો જન્મ એ તારા મૃત્યુનો પ્રારંભ છે.

આવતાની સાથે તને દુનિયા દેખાશે નહીં. તું એને સ્પર્શથી પામશે અને રડશે. વર્ષો પછી પણ તું રડશે, કારણ કે તને ઘણું બધું દેખાશે અને તું નહીવત્ સ્પર્શી શકશે.

પ્રેમની તને ભૂખ જાગશે અને પ્રેમ તને પોષશે. પણ પછીથી પ્રેમની ભૂખ કારમી થશે.

અને પ્રેમ એ બીજું કશું જ નહીં - પણ આપણને મારી નાખતી ભવ્યતા જ છે. દીકરા ! તને પણ જલ્દીથી સંતાનો થાઓ. કારણ કે અંતે તો પ્રત્યેકને જીવવાનું તો પેલા નવ મહિના જ છે.

- એડવીન બ્રોક

આ નિતાંત નિરાશાનું હ્રદયદ્રાવક કાવ્ય છે. જીવનનાં હકારનું નહીં પરંતુ જીવનના નકારનું કાવ્ય છે. હળાહળ નિરાશાની ગર્તામાં ધકેલતું અને સહજ-સાહજિક જીવન વૃત્તાંત... સૂષ્ઠુ સૂષ્ઠુ દીનચર્યાથી તદ્દન વેગળું. સંપૂર્ણ નકારાત્મકતાની ડીંગ પોકારતું આ કાવ્ય ઘણા વખત પહેલાં વાંચ્યું હતું, અને પછી તો વારંવાર આ કાવ્ય વાંચતો રહ્યો છું, પરંતુ દર વખતે આ કાવ્ય વિશે ચર્ચવાની ચર્ચણ કરવાની હામ પડતી મૂકીને, આડે હાથે મૂકી દીધેલું આ કાવ્ય આજે તમારી સમક્ષ મૂકું છું, કારણ કે જીવનમાં અત્યારની પરિસ્થિતિઓમાં, સમાજમાં પ્રવર્તમાન સંવેદનહીન આચારોમાં, લોકોનાં સુંદર મુખૌટા પાછળ છૂપાયેલા લંપટ અને ઘાતકી મનોભાવોના યુગમાં, માત્ર અમુક-તમુક મહિના માત્રની બાળકીઓને જયાં શારીરિક અડપલાઓનો ભોગ બનવું પડે છે. તેવા કારમા સમયમાં, સાવ ક્ષુલ્લક વાત પર શરીરે કેરોસીન છાંટીને અપમૃત્યુ વહોરતા કાયર લોકોના કાયરાના યુગમાં છીએ ત્યારે, અરે પોતે તો દેવું કરીને મરે પરંતુ આખા પરિવારને પહેલા મારી નાખે તેવા હ્રદયહિન અને પરિસ્થિતિ નાજુકનાં બહાનાં બતાવીને પરિવાર આખાની હત્યા કરનારા દેવાળીયા પુરુષની માયકાંગલા વૃત્તિઓ જયારે છાશવારે નજરે ચડે છે ત્યારે, કોઈ બહેન-દીકરીની 'ના' સાંભળીને રસ્તા પર તેના મુખ પર એસિડ ફેંકીને તેની આખી જિંદગીને કદરૂપી કરનારા આતતાયીઓના આ જઘન્ય શહેરોમાં આપણે શ્વસીએ છીએ ત્યારે, ચાર પગા પ્રાણીઓની શિકાર કરવાની વૃત્તિ અને જાણનારા આપણે શુભ્રવસ્ત્ર પરિધાન કરનારા બે પગા માનવીની વિકૃતિઓને તેના ભોળા અને દંભી હાસ્ય પાછળ નથી ઓળખી શકતા તેવા હિંસક સમાજમાં વસીએ છીએ ત્યારે... ત્યારે ઉપરનું કાવ્ય વાંચીને વિચાર આવ્યો કે કવિના મનોભાવ કેવા યોગ્ય રીતે રજૂ થયા છે. શું આવા કાળમૂખા આવનારા સંતાનને જીવન મળવાનું છે?

ના... ના.... પરિસ્થિતિનું ભયાવહ રુપ દર્શાવીને અત્યારે સમાજમાં કાંઈ પણ હકારાત્મક, માનવીય કે સંવેદનશીલ કાર્યો કે ઘટનાઓ ઘટતી જ નથી તેવું કહેવાનો અભિપ્રેત જરાય નથી... પરંતુ એક વાત તો ચોક્કસ છે કે દુર્જનોની સક્રિયતા કરતા સજ્જનોની નિષ્ક્રિયતા સમાજનું ધનોપ-પનોત વળતું હોય છે. આ તો સમાજની વાત થઈ. આપણે પોતે પણ શું કરીએ છીએ ?

શું ઈશ્વરે જે નિર્મળ નિશ્ચલ જગત - પ્રકૃતિ આપણી માટે બનાવી હતી તેવી સૃષ્ટિ આપણે રહેવા દીધી છે ખરી !

કશું જ રંગીન - ઈન્દ્રધનુષી રંગોવાળું રહ્યું નથી. બધું સેપિયા બની ગયું છે. ખરેખર તો વાત એમ છે કે આપણે પણ આ દંભી દુનિયાને કારણે દંભી બની ગયા તેવો અંચળો તરત ઓઢી લેવા માંગીએ છીએ...

ખરી વાત તો એ છે કે બાળકના જન્મતાવેંત નાના ભૂલકાઓની કાલી-કાલી, નિર્દોષ, નિખાલસ મુસ્કાન અને કાલી કાલી વાણીના આપણે ફોટા પાડીએ છીએ, વીડિયો રેકોર્ડ કરી કરીને પોરસાઈએ છીએ... પરંતુ તે જ બાળકની નિર્દોષતાનું હરણ કરવાવાળા પણ આપણે જ તો છીએ.... ખરું જોતા આપણને ડર લાગે છે કે આજના આ 'શઠ યુગ'માં આપણું નિર્દોષ બાળક અટવાઈ જશે, માટે જ આપણે જાણે અજાણે તેને પણ આ દંભી દુનિયાના રંગોથી રંગવા લાગીએ છીએ... 'હમામ મેં સબ નંગે હૈ...'

આપણો અંતરાત્મા તો ઘણો પોકાર કરતો હોય છે કે નીતિ, અને ન્યાયની તથા પ્રેમની અને સંસ્કારોની વાતો તેને શીખવીએ... અને આપણે તેવું કરીએ પણ છીએ... પણ અભાન પણે જ બાળકને અપાતી રોગ પ્રતિકારક રસીઓની માફક સમયાંતરે આપણે તેને આ 'પ્રેક્ટિકલ' સમાજમાં જીવનનાં કાવાદાવાના ઈંજેકશન પણ આપતા રહીએ છીએ.

આજે આપણને તેવું પોસાય તેમ નથી કે, આપણું સંતાન અતિ સંવેદનશીલ બને, ઋજુ અને લાગણીશીલ બને. તેને તો 'શઠં પ્રતિ શાઠ્યમ્' આવડવું જોઈએ... આ સમાજની અસામાજિક રીતિઓ સામે લડવું હશે તો તેણે સિદ્ધાંતોના સોટા જેવું નહીં પરંતુ એડજસ્ટમેન્ટનું લચીલાપણું મેળવવું પડશે... આવું આપણું માનવું છે, માટે જ આપણે તેને શીખવીએ છીએ કે પરીક્ષામાં ગુણ લાવવાનું મહત્ત્વ છે, નાની - મોટી ગેરરીતિ તો ચાલે, ચાર રસ્તે ટ્રાફીક પોલીસથી બચીને નીકળવામાં કુશળતા છે, પકડાઈ જઈએ તો ૧૦૦-૨૦૦ આપીને છટકવામાં પારવધા બનવામાં આવડત છે, આપણે તેમને આપણાં વ્યવહારથી જ આપણાં આચરણથી જ એવું એવું એવું બધું... શીખવીએ છીએ અને જો આ રંગે સંતાનો ઝડપથી રંગાવા લાગે તો અંદરથી તો પોરસાતા જ હોઈએ છીએ...

મૃત્યુ પામવું એટલે શું માત્ર શરીર નિશ્ચેતન બને તેને જ મૃત્યુ કહેવાય ? ના. પળેપળ આપણે જે સંવેદનાઓનું, નિખાલસતાનું ગળું ટૂંપતા રહીએ છીએ તે મૃત્યુ તરફની ગતિ નથી શું ? આપણા નિર્દોષ ભૂલકાને માત્ર '૩' વર્ષની ઉંમરે પ્લેગ્રુપમાં મૂકીને આપણે તેને ઘરના સંસ્કારોથી તો તરત જ વેગળો કરી દેવાના મૂડમાં હોઈએ છીએ... આપણા સંતાનના 'ભલા' ઈચ્છવાના પ્રયાસ કરવામાં આપણે જ તેમની અભિવ્યક્તિનાં, તેમની મૌલિકતાનું, તેમની નિર્દોષતાનું ખૂન કરતા હોઈએ છીએ.

હજી કુમળા હાથની આંગળીના હાડકા પણ સરખા વિકસ્યાં ન હોય ત્યાં, તેમને પેન પકડાવીને એ, બી, સી, ડી લખાવવા માંડીએ છીએ... તેમના કુમળા માનસ પર ચકા ચકીની વાતાઓ કે 'જોડકણા' નો સૂર અથડાવો જોઈએ, ત્યાં તો તેમને અટપટી અને કપરી ઝીંગલ્સ યાદ કરાવવા મંડી પડીએ છીએ... હજી તો તેમને સાંજે મેદાની રમતો રમીને ધૂળમાં રજોટાવું હોય છે, ત્યાં જ આપણે તેમને ડાન્સ કલાસ કે ડ્રોઈંગ કલાસમાં મૂકીને તેની સ્વતંત્રતા છીનવી લઈએ છીએ...

અને વાસ્વતમાં જેને આપણે આપણો સંતાનો પ્રત્યેનો પ્રેમ સમજીએ છીએ તેમને આ મતલબી પ્રેમમાં ગૂંગળાવી મારીએ છીએ... તેમને જે સમયે આપણી હૂંફની જરૂર હોય છે, ત્યારે આપણે તેમની સમક્ષ વસ્તુઓનો ખડકલો કરી દઈને પ્રેમ દર્શાવવાનો કે પછી જવાબદારીથી ભાગવાનો જે કારસો રચી દઈએ છીએ ને ! તે અત્યાચાર છે.

સમાજની કુદૃષ્ટિથી બચાવતાં બચાવતાં કે આ દંભી કપટી સમાજ સામે તેને બુલેટપ્રુફ જાકેટ પહેરાવતા પહેરાવતાં અજાણ પણે આપણે પોતે પણ આપણા સંતાનોને આપણી મૂડી ગણીને વીસ વર્ષે ડબલ કરી દેવાની હોડમાં જાણે કે તેની પાસેથી બમણું વસુલવા માટે તેનામાં ઈન્વેસ્ટ કરતા હોઈએ તેમ તેને સગવડોથી, તરબતર કરીને કરેલા રોકાણનું ફળ મળે તેની રાહ જોતા હોઈએ છીએ.

jayuoza@gmail.com
Mo.9898046488

કાલ્પનિક ભ્રમણામાં ભટકતો રહે એ હંમેશા ગોથા ખાતા રહે

આત્મનાદ

પુલક ત્રિવેદી

pulak63@gmail.com

ટૂંકમાં એટલું જ કહેવાનું, આપણે આપણામાં રહેવાનું
કોઈ બાંધી દે બંધ ડાબે તો, માર્ગ જમણો લઈને વહેવાનું

- નારાજ

જીવનમાં ઘણીવાર એવું થતું હોય છે કે આ કામ મારાથી શક્ય નથી. હું આ કાર્ય નહીં જ કરી શકું. આવા ખ્યાલોના બંધનોમાં ઘણા લોકો પોતાની જિંદગીને બાંધી દેતા હોય છે. જેમ ધરા અને અંબર ક્યારેય ભેગા થયા નથી અને થશે પણ નહીં એમ જ ભૂતકાળ અને વર્તમાન કદી એક થવાના જ નથી. વિતી ગયેલી પળ અને હથેળીમાં ઊભેલી પળના લગ્ન શક્ય જ નથી. આપણું મન વિતેલી ઘટનાઓના અનુભવોના કોચલામાં એટલું તો સજ્જડ રીતે ભરાઈને બેઠું હોય છે કે હાથમાં આવેલી ક્ષણ નજર અંદાજ થઈ જાય છે.



અરબસ્તાનના રણ પ્રદેશની એક વાત છે. રણમાં સો ઉંટોના કાફલા સાથે એક પઠાણ સફર કરતો હતો. સાંજના સમયે રેતીમાં તોફાન આવવાના એંધાણ વર્તાવા લાગ્યા. પઠાણે નિર્ણય કર્યો હવે કાફલાનું અહીં જ રોકાણ કરવું. એણે એના સાથીઓને કહ્યું તંબુઓ ખોડી દો. બધા ઊંટને ખીલો ઠોકી દોરડાથી બાંધી દો. એના સાથીઓ ઊંટને ખીલા સાથે બાંધવાના કામમાં લાગી ગયા. ૯૯ ઊંટ બાંધી દીધા. એક ઊંટ માટે ખીલો કે દોરડું ન હતું. પઠાણના માણસો મુંઝાયા. પઠાણ પાસે વાત ગઈ.

પઠાણે એના સાથીઓને કહ્યું, મિત્રો, ચિંતા ન કરો. ઊંટ પાસે જઈને જેમ ખીલો ઠોકી દોરડું બાંધો છો એમ ખાલી દેખાવ કરો. સાગરીતો થોડા અવઢવમાં હતાં કે આવું નાટક કંઈ કારગત થોડું નીવડે ? પણ કાફલાના અનુભવી પઠાણ સરદારની વાત માનીને એ લોકોએ ઊંટ પાસે જઈને ખીલો ઠોકી દોરડાથી બાંધવાનું નાટક કર્યું. એમના આશ્ચર્ય વચ્ચે ઊંટ પણ બીજા ખીલે બંધાયેલા ઉંટોની જેમ બેસી ગયું.

બીજા દિવસે સવારે રણનું તોફાન શાંત થતાં કાફલો આગળ જવાની તૈયારીમાં લાગી ગયો. બધા ઊંટને ખીલે બાંધેલા દોરડાથી મુક્ત કર્યા. ૯૯ ઊંટ આગળ વધવા તૈયાર હતા. જેને બાંધવાનું નાટક કર્યું હતું એ ઉંટ બેસી રહ્યું. કાફલાના માણસોએ ઘણા પ્રયત્નો કર્યા પણ આ ઊંટ ઉભુ જ ન થયું. ખુબ કોશિષ કરી પણ એ ઊંટ આગળ વધવા તૈયાર જ ન થયું. વળી બધા પઠાણ સરદાર પાસે ગયા અને ઉભા ન થતા ઊંટની કથા કહી.

પઠાણ સરદારે કહ્યું, 'દોસ્તો તમે એ ઊંટને ખીલાના દોરડાથી મુક્ત કર્યું ખરું ? પઠાણ સરદારના સાથીઓએ કહ્યું 'એ ઊંટ માટે તો ખીલો કે દોરડું હતું જ નહીં એટલે એને તો નાટક કરીને બાંધ્યું હતું. હવે જ્યારે બાંધ્યું જ નથી તો છોડવાનું શું ?' પઠાણે કહ્યું 'બાંધવાનું નાટક કર્યું હતું એમ છોડવાનું નાટક કરો.' સાથીઓએ ઊંટ પાસે જઈને એને છોડવાનું નાટક કર્યું. ઉંટ ઉભુ થઈને કાફલા સાથે આગળ વધવા તૈયાર થઈ ગયું.

મોટા ભાગના લોકો કાલ્પનિક રીતે બંધાયેલા આ ઊંટ જેવી મનોદશામાં જ જીવતા હોય છે. ' મને આગળ વધવાનો અવસર નથી, કે પછી આગળ વધવા માટે મારી પાસે રિસોર્સિસ નથી. મારાથી કેવી રીતે આગળ વધાય ? મને સંકોચ થયા કરે છે...' વગેરે જેવા કાલ્પનિક બંધનોના દોરડાથી પોતાની જાતને બાંધીને બેસી રહેનારા ઊભા થઈને ક્યાંથી આગળ વધી શકે ? વિચારશૂન્ય બંધનોમા જકડાઈને ભાગ્યનો વાંક કાઢી બેસી રહેનારાએ સમજવાની જરૂર હોય છે કે ક્યાંક પ્રયત્નોમાં જ ખામી છે. આવા સમયે શાંત ચિત્તે આત્મ નિરિક્ષણ પરિસ્થિતિમાં બદલાવ લાવી શકે છે.

ક્યારેક બેસીને સમજવાની કોશીષ કરીએ તો ક્યાલ આવે કે આદી અનાદી કાળથી માનવીના વિકાસની પરિભાષાના પાયામાં આગળ વધવાનો લલકાર છે. જંગલ અને ગુફાઓમાં બેસી જીવન વિતાવતો માનવી આજે ચાંદ સિતારાથી આગળ નિકળી ગયો છે. ગમે એવા વિપરિત સંજોગોમાં પણ માનસિક ખોટા બંધનોના હુકમાં ન ફસાવાની પ્રથમ અને અત્યંત આવશ્યક શરત છે. જે વ્યક્તિ પોતાનુ નિષ્પક્ષ મુલ્યાંકન કરી શકે છે એ તરત જ જાણી શકે છે કે, વ્યક્તિનો સૌથી મોટો દુશ્મન એના વૈચારિક માયાજાળ છે. એમા ફસાઈને તરફડીયા જ મારવાના થાય. જીવનમાં કાલ્પનિક ભ્રમણાઓને કારણે રૂકાવટને કોઈ સ્થાન ન અપાય. જીવન તો ચાલવાનુ અને દોડવાનુ નામ છે. અટકવુ ભટકવા સમાન છે. આગળ ન વધી શકવા માટે કોઈ પરિસ્થિતિ કે કોઈ વ્યક્તિ નહીં આપણા પોતાના જ બંધનોથી ઘેરાયેલા ખ્યાલો છે.

મનમાં ઘર કરી બેઠેલી 'ખીલે બંધાયેલા'ની મનોવૃત્તિની સાંકળો તોડીને મુક્ત થવાની જરૂર છે. જેને ઉડવાની ઈચ્છા છે એને આસમાન પણ ઓછુ પડતું હોય છે. જેને ગાવું છે એને મઝાનું ગીત મળી જ જાય છે. જેણે ચાલવા માટે પગ ઉપાડ્યા છે એને લક્ષ્યની દિશા મળ્યા વગર નથી રહેતી. અદ્રશ્ય બંધનોના દોરડા આગળ વધવા દેતા નથી. એને તોડીને હાક મારતા, આગળ વધવાના અરમાનોના ગીતો ગણગણતા ચાલી નીકળવું પડે. 'મારાથી આ ન થઈ શકે' એવા વિચારોનું પડીકું વાળીને દૂર ફેંકી દેવું પડે. એક જગાએ રોકાઈને સ્થિર થઈ જાય એ જીંદગી ન કહેવાય. એક ચોક્કસ ખ્યાલોના બોક્ષમાં જીવન ન હોઈ શકે. જીવન તો સતત વહેતા પવનની લહેરોના યશોગાન જેવું છે. સ્વવિવેક અને બંધનોના વિચારોને ફગાવી સતત આગળ વધવાનું નામ જીવન છે.

ધબકાર

વ્યક્તિ જ્યારે હસ્તરેખાઓ ઉપર વિશ્વાસ રાખીને બેસી રહેતો હોય ત્યારે સમજી લેવુ કે એની મનઃસ્થિતી જાળમાં તરફડતી માછલી જેવી છે.